અનામે ખુદા-

સર જે. જે. હોસ્પીતલના પારસી વોર્ડના લાભ માટે

પારસી હરીશચંદર

યાને

ઈમાનદારી ઉપર સિતમગારી.



ફ. વાડીઆ ઝવેરી એંડ ગો. ટેલીફોન ન. ૯૨૪૭૩.

કાનરક હોઝીયરી વર્કસ. વાડીઆજીના આતશ ... મના કમ્પાઉન્ડમાં પ્રીન્સેસ સ્ટ્રીટ

નાટક લખનાર- ડા૦ જહાંગીર વાડીઆ, L. M. & S.

ગાયનો બનાવનાર-મી. પેસી પી. કાપડયા, B. A. B. E., (Civil)

["ઉર્ફે હુયરત]

(મરહુમ ડા૦ એરચશા ... ના વારસોની મહેરબાનીભરી પરવાનગીથી)

૧૯૨૮.

દીબાચો.

—:o:—

બાટલીવાલા હોસપીતાલને લગતા પારસી વોર્ડના લાભ માટે લાંબો વખતથી બંધ પડેલો લોકોનો માનીતો "પારસી હરીસચંદર" ભજવી બતાવવા હમે મેડીકલ એમેચ્યુર્સો બહાર પડીયે છઇયે. પારસી હરીસચંદરનો આ જાહેરમાં અગીયારમો દેખાવ છે. પારસી જેહમત અને પારસીઓના સંગીન ફાલાથી 5 H week વખતે ભેગાં થયલાં ગંજાવર ફંડમાંથી પારસીઓની ખાનગી હોસ્પીતલોને દહન નાચીજ જેવો નજીવો ફાલો ગયો છે, તો ગરીબ હમદીનોને ખરી જરૂરી મદદ આપનારાં એ અમારા મુંબે પડેલા જે જે હોસ્પીતલના પારસી વોર્ડને કેહવી બની શકતી મદદ કરવાની અમારી એવડી ફરજ સમજીયે છીયે.

આ ખેલ સરંજામ પાર ઉતારવા માટે મારી સાથે ખેલમાં ભાગ લેનારા અને પોતાના અભ્યાસ ને પ્રેકટીસના કીમતી વખતનો ભોગ આપીને ઉલટ અને દીલસોજીથી મદદ આપનારા મારા ભાઇબંધ મેડીકલ સ્ટુડંટો અને ડાક્ટર મીત્રોનો અંતકરણના ઉંડાણથી આભાર માનું છું: પોતાની બહોલી પ્રેકટીસની અનેક રોકાણો છતાં, મોટી અગવડ ખમીને મદદ કરનારા અમારા ચીફ લેડી ડેરેકટર ડા૦ જાલ પટેલ તેમજ સોલ સોલ વરસ થયાં મારી બાજુમાં ખડા રહી સંગીન મદદ આપનારા મારા મીત્રો ડા૦ જમશેદ માણેકસા, ડા૦ મીનુ લંગરાના તથા ડા૦ ધનજીભાઇ

ડે. વાડીઆ ઝવેરી, ઓંટરોડ, ટેલીફોન નં૦ ૪૨૪૮૩.

લવંગીયાનો ખાસ આભાર માનું છું. ખેલમાં ભાગ લેનારા મીત્રો ડા૦ મેહલી વાડયા, ડા૦ વાંકડીયા, ડા૦ ગોઇપોરીઆ અને ડા૦ ડોસા દેશાઇનો તેમજ ખેલ ભજવી બતાવવાની પરવાનગી આપવા માટે ડા૦ કુપરનાં ફેમીલીનો હું એહસાનમંદ છેઉં.

લા૦ સેવક,

જહાંગીર વાડયા.

મુંબાઇ, તા૦ ૨૯ મી સપ્ટેંબર ૧૯૨૮.

૧૮૩૦.

જ્યારે ૧૮૩૦ ના સાલમાં એક ફ્રેંચ સાધુએ સેનતોરી કવીના ટોનીક વાઇનની શોધ કીધી ત્યારે તેને એવો ખ્યાલ વતીક ન હતો કે એ શોધનું પરીણામ આજે નામના સાથે એક સદી સુધી પંકાસે. હજારો તોનીક વાઇનો હસ્તીમાં આવી નાબુદ થઇ ગયા જ્યારે

સેનતોરી કવીના તોનીક વાઈન

આજે દરેક ઘરમાં માનીતો થયો છે. ગમે તેવી જેહરી તાપો, હદબહારની નબલાઈ, ખરાબ પાચનશકતી, કબજીયાત, જ્ઞાનતંતુ-ઓની નબલાઇ એકજ બાટલી ચમત્કારીક રીતે સુધારો કરી આપવા પુરતી છે.

જેવો જીંદગીથી કંતલઇ જઈ જીવવાની આશા છોડી બેઠા હતા તેઓ આજે લોહીઆર બની સુખી જીંદગી ગુજારે છે. એકજ બાતલી વાપડયાથી તમો જરૂરજ બીજાઓને ભલામણ કરશો.

સઘલા કેમીસ્તો રાખે છે.

સોલ ઈમપોરતરસઃ—વીલીયમ ગ્રીનની કું૦

પારસી બજાર, કોટ.



પારસી હરીસચંદર અને બાગો (ફીડ ઊન્જુ.)

CHARACTERS.

MALES.

રાજા ઇંદર—બહેસ્તનો રાજા. ડા. મેહલી વાડીયા

વીશ્વામીત્ર—મંચુની કસોટી કરનાર રૂસી ડો. વાંકડીઆ.

નારદમુની—એક તુમરા અથરાઉ ફરેસ્તો. ડો. ગોઇપોરીઆ.

સુરદાં ફરોસ—મંચુનો વખાણનાર ફરેસ્તો ડા૦ જહાંગીર વાડયા.

મંચુ કાવારાણો—સોલાપુરનો ઇમાનદાર પારસી બાદશાહ ડા૦ જહાંગીર વાડયા.

પ્રધાન ... ... ડા૦ મેહલી વાડીઆ.

અદુ એસકી—વીશ્વામીત્રનો પ્રાઇવેટ સેક્રેટરી. મી૦ ડોસા દેસાઇ.

જીજી—મંચુ કાવારાણાનો ગાદી વારસ શાહજાદો ડા૦ મીનું લંગરાના.

વાણયો } મંચુ અને પરીનને ખરીદનારા { ડો. ગોઇપોરીઆ.
પારસી } { મી૦ બરોજોર ભરડા.

એડમીરલ વૉન ટરપીઝ—કયસર તરફથી મંચુ આગળ આવેલો એલચી. ડા૦ મેહલી વાડીયા.

ઉસતાદજી— ... ... મી૦ ફીરોઝ એનજીનાયર.

FEMALES.

પરીચહેર—મંચુની મોહરદાર. ડા૦ જાલ પટેલ.

મીસ મૉડ એલન—મંચુની દરબારમાં આવેલી નાચનારી. મી૦ તેહમી પાવરી.

આયા ... ... ડો૦ હોસંગ માંડવીવાલા.

દરબારીઓ, ચોપદાર, વીગેરે, વીગેરે.



સોલાપુરના છેલ્લાં પારસી બાદશાહી કુટુંબનો રાજત્યાગ.

ખેલનો ટુંક સાર.

SCENE I.

રાજા ઈંદ્રની દરબારનો દેખાવ. ફરેસ્તાઓ વચ્ચે ફાની દુન્યામાં કોઈબી આદમી ઈમાનદાર હોઈ શકે યા નહી તે વીશે તકરાર. મુરદાં-ફરોસ સોલાપુરના સત્યવાદી પારસી બાદશાહ મંચુ કાવારાણાની નેકી ને ઈમાનદારીની તારીફ કરેછ. વીશ્વામીત્ર, મંચુ આફતોમાં પોતાનું ઈમાન સાચવી શકે તે માટે શક બતાવે છે. તકરાર થતાં રાજા ઈંદ્રની રજા લઈને વીશ્વામીત્ર મંચુની કસોટી કરવા પેલી દુન્યામાં જાય છે.

SCENE II.

બાદશાહ મંચુ કાવારાણાની દરબાર. વીશ્વામીત્રે દરબારમાં આવી મંચુ પાસે પોતાના પરમાર્થી ફંડમાં ભરવા હજાર ગીનીની મદદ માગે છે. પૈસાની મદદ કબુલ કરાવવા બાદ વીશ્વામીત્ર એક જાણીતી નાચનારીને મંચુની દરબારમાં મોકલી, તેની પાસ સાદીનો કોલ માંગે છે. નાચનારીને કાઢી મુકવાથી વીશ્વામીત્ર પોતાનું અપમાન થયલું જાહેર કરે છે. તકરાર થતાં મંચુ વીશ્વામીત્રને રાજપાટ સોંપી જંગલમાં બૈરી છોકરાં સાથે ચાલી જાય છે.

SCENE III.

પૈસાની ચાલુ ઉઘરાણીથી કંટાળી જઈને, તેમજ પોતાના ઈમાનપર મુસ્તાક રહીને, મંચુ બૈરીને અને બચ્ચાંને પ્રેસીડંટ ક્રોસવેલને ઘેર વેચી નાંખે છે. ને પોતેબી વેચઈને વાંદરા ક્રીમેટોરીયમમાં નોકરી રહે છે.

SCENE IV.

બાળો જીજુ ગીત ગાઇને નાચવા જતાં વીશ્વામીત્રે ફેંકેલી કેરાંની છાલ પરથી સરી પડીને ગુજરી જાય છે.

SCENE V.

વાંદરા ક્રીમેટોરીયમમાં મંચુનો બળાપો. બુચાનું મુરદું લઇને પરીચેહર ત્યાં આવી પુગે છે. મંચુ, બૈરી અને બુચાને પીછાણે છે. માય બાપનો બુચાને માટેનો જીગર તોર કક્લાટ; મંચુ લાશને હંમેશની ફી વગર ક્રીમેટોરીયમમાં દફનાવા ના પાડે છે, ક્યસરના દરયાઇ કાફલાનો વડો એડમીરલ વૉન ટરપીઝ જો મંચુ ક્યસરને ગાદીપર બેસાડવામાં મદદ કરે તો જીજુને જીવતો કરી આપવાની લાલચ બતાવે છે. મંચુ ધીક્કારથી એ માંગણી ના પાડે છે, અને વૉન ટરપીઝને કાઢી મુકે છે. પરીચેહર પર ચોરીનું ખોટું બોહતાન મુકાય છે, અને મંચુને હાથે તેને ગરદન મારવાનું ફરમાન બાહેર પડે છે. રાજા ઇંદ્ર મંચુને પરીચેહરને ગરદન મારતાં અટકાવે છે, જીજુને સજીવન કરે છે ને મંચુની ઇમાનદારીપર આફરીન કરી તેને બેહેસ્તમાં લઇ જાય છે.



[illegible]

ફરેસ્તાઓ—   (૧)

જય જય કેવી આ અમર ઝીન્દગાની—
નહી ખતરાટ જ્યાં કાંઇ દુન્યાની—
વસીએ સહુ જ્ઞાની–આબાદાની માની લઇએ અભીમાની-૦
જંજાળ નજરની કાંઇ જાણી–નહીં રાજ કરે કોઇ ધણિયાણી—
ગમતી ઝીન્દગાની–જાવેદાની-વસતી પચરંગ પરજાની—
કોલી, મુલ્તાની ને અડવાની–હીંદુ મુસલમીન ઇરાની—
હમ ડાહયા આગળ–છે સહુ પાગલ ભેજે ભાગલ અજ્ઞાની—
સાંજે નહીં કાંઇ નાંક-સુકાણી–વ્હીસકી–બ્રાંડી-નહીં લાલ પાણી—
તો પણ રહીયે સહુ મસ્તાની-ભર રર ભમ ભમ ભમ—૦
દાદારી દરબારનાં દાની સુખોનાં છૈયે શહેલાણી—
પહેલાં ગમતને પીછાણી–ગાવામાં હમ્મેશ ગુલતાની—
તર રર રર રર તમ તમ–ભર રર રર રર ભમ ભમ—
ધર રર રર રર ધમ ધમ--૦

(૨)

ઉસ્તાદજી—   રાગ બાગેશ્રી. તાલ ત્રીતાલ.

કોઇ નહી અપના સમજ મન
એક દીન સબ છોડકે જાના
મીટીમેં મીલના સમજ મન—કોઇ નહી.

અંતરો.

કામ ક્રોધ મદ મોહ લોભ છલ
કછુહી નહી રખના
જુઠી જગતકો છોડ વાસના
જા સદ ગુરૂ ચરણ—સમજ મન.

વીશ્વામીત્ર— (૩)

લેઉં ખુદાનું નામ, ને ફતેહ કરૂં મારૂં કામ,
ઉતારૂં સરનજામ, નહી તો ખાવું છે હરામ—લેઉં.
સચ્ચાઇના રાહ પરથી એને આંટી હું મારૂં,
ગુમાન એનું કારૂં, પીવરાવું, એને દારૂ,
છોરાઉં બહેસ્તનું બારૂં, પરવારૂં, પરવારૂં,
જાઉં બહેસ્તને મુકામ—લેઉં.

જીજુ— (૪)

જોઇ લેવો યારો આયો હું તો રે છુટી જેલથી
નાચતો કુદતો ઉછળીને હું બેસું પપાને ખોલે
જીભરૂં મારો આયો દીકરો એમ કરી મમા બોલે—જોઇ
ગાંડો ઘેલો થઇ ભારતના ઘેરમાં ઘુસી જાઉં
આંખ મીચાવી પલમાં મરઘાં બટકાં પીટ્ટી લાઉં—જોઇ
મારૂં હું આખા મોહલ્લાને, જો મને ન મારે કોઇ
મકદુર નહી કોઇ હાથ ઉંચકે, સાત પેઢી નાખું ધોઇ.—જોઇ


દરબારીઓ— (૫)

પરવરદેગાર-ત્હારો આધાર-કુલ જગતનો પાલનહાર—
દાદાર-દાતાર-આલા સરદાર-જગત-જુગત સરજનાર-૦
રંક કે રાયનો તું પાલનાર-ખીલે છે તુજથી જગ-ગુલઝાર—
કુલ સંસારનો તું સણગાર—યા ખુદા—યા ખુદા—
આદમ જાત છે તું પર નિસાર-નિસાર-નિસાર-નિસાર-૦

ઉસ્તાદજી— (૬)

રાહ—ભેરવી ગઝલ.

પીયાસે મીલનવા મેં કૈસે કૈસે જાઉં
સંતની બીનતી મોરી માનત નાહી


HÄMATOPAN
strengthens
Blood & Nerves
BEFORE



શ્રીસ્વામિત્ર અને તેના [illegible]

પીયાકો દીલ મય કૈસે સમજાઉં—પીયાસે
મોહબતકી સાથ આજ પીયા દીલકો જલાના, જલાના, જલાના
પીયા તેરા દીલકો મેયકો દેઓ ઠીકાણા, ઠીકાણા, ઠીકાણા
ભોજનકી સાથ યાદ મેરી ભુલ નજાના, નજાના, નજાના.

શેર.

દીલ લગા યારસે ઉસ્કુ છુડાના મુસ્કીલ
ઝખમ કીયા જીસ સીનેસે ઉસ્કુ સીલાના મુસ્કીલ
દીલ કીસીકુ દેના નહી દીલ દેનેસે દીલ
નહી મીલા તો કુછ પરવાહ નહી પણ કમ દીલસે મત મીલ—
મેં કૈસે.

પરીન— (૭)

પાન ખાઇ પીચકારી મારીરે—પાન
મારી મારી મારીરે—પાન ખાઇ પીચકારી મારીરે.
પાવલીરે ખરચીને પીટમાં બેઠા—પાવરીની માય મારી નાંખીરે—પાન.
ઇરાની લોહી તારૂં રસપર ચરયું—
અરે દુમ દબાવી નાઠો રે—પાન.

ચોપદાર અને મંચુ— (૮)

બાદશાહ ઓ મારા, સાંભળ ઓ પ્યારા, કાન તું ધરી.
મડમની પોરી ગોરી ગોરી આવીને મળવા માંગેય.
તારી મરજી હોય તો એને હાજર કરૂં દરબાર—બાદશાહ

* * * * *

જાણીતા નાચનારી એ તો ખરી,
મોડએલન નામથી ઓળખાય.
વઝીર મારા જાતે જઇને
કહોકે હાઝીર થાય—બાદશાહ૦

(૯)

નર હજારો—શુર સરદારો—તેભી હારયા બઇરીથી-
ગરીબ હો યા હો જરદારો—તેભી હારયા બઇરીથી-
કોરટ કજીયા જીતનારાઓ—તેભી હારયા બઇરીથી !
બહારના મોટા ઓધેદારો—ઘેરમાં હારયા બઇરીથી !
બાંગો પાડનાર બલદીઓ—ચુપ થયા હાય બઇરીથી !
મુંછો વાલા મરઘાજીઓ—તેભી હારયા બઇરીથી !

વીશ્વામીત્ર— (૧૦)

દુર કર તારી સુરત મારી સાંખેથી મંચા
પ્રેમ ભરી એક પુતલીનું દીલ તેં તોરી નાખ્યું ઓ મુજી બચ્ચા—દુર
ન કીધી માયા ને મોહબત
ન રાખી તેં જરા મુરવત
દુર કર મુખ કયસર સયતાન
લાજ કેમ નહીં આવી.

દરબારીઓ— (૧૧)

ઓ નામી ! ઓ કામી ! છઇએ હમે ગમખાર
તું ગયાથી ગુજરી જાય છે કંઇ કયના રોજગાર
ફુટયાં બહુ-લુટયાં-સહુ ધોલે દીન ધરબાર—
તોયે નહીં તુજ રાજમાં કોઇ દંડાયા દરબાર—
કાપીયાં કંઇ કયના ગજવાં ધરી તુજપર આધાર—
સહુ હવે તો જલ્દી થઇશું હાય ! બેઠઠા બેકાર—

વીશ્વામીત્ર— (૧૨)

અરે માનવ અરે દાનવ-પકડ તું સ્યાન, ન થા હયરાંન,
અરે મહારાજ— ન કર તારાજ-તારૂં રાજ જરા તો માન
કોણનું બચ્ચું-કોણનું કચ્ચું-બઇરી કોણના બાપનો માલ,
મોહું ખોલી-જુઠું બોલી-ઉડાવ દીકરા વાંવટો લાલ—કેરસ.

અરે નાદાન-ન ખો ઇમાન ધર તુ ધ્યાન-રૂસીતું માન
સમજ અજ્ઞાન-ખોલીને કાન-બની મહેરબાન-આપી દે દાન—કોરસ.

જીજુ— (૧૩)

હાય ! માય, કેમ કરૂં હું હૈયે રાખું કેમ ધીર !
બેઠા બેઠા એવણ પગો દબાવે—
પગે રખે હોય કીર !
મમા, મમા મને લાગીચ હવે ભુખ
ખવરાવો પોરી ને ખીર !—૦

પરીન ને મંચુ— (૧૪)

વ્હાલા ઓ મંચી-જાવુંચ હવે હું ત્હારી રજા લઇને-
પ્યારી પરીચ્હેર સુખે સિધાર પણ દિલાસો દઇને-૦
દિલાસામાં તો એમજ કહું કે પીચતો ના દારૂ-
ઘેરમાં ખુણે ખુણે ઉભો રહી કહરાવજે ઝારૂ !-૦
દારૂનું હરગીઝ નામ લઇશ નહીં આંસુઓના સમ-
તું ગયા બાદ ભુલાવવા ગમ પીવસ થોડો રમ-૦
છીબા દરજીનું બીલ ચુકવજે વેચી ના ખાતો કાંઇ-
સારી ને બ્લાઉઝની સંભાલ લેજે-ભુલમાં પડે ન ઉધાઇ-૦

જીજુ— (૧૫)

અરે નહીં મુંજને છોડી જાવો—
બે દોહોરયાંની તો ઢીંગલી અપાવો—૦
થોડેજ પૈસે, પપ્પા, કાંય તમે વેચાયા—
રંગીલી દરજનનું ગીત ગાવો—૦

વીશ્વામીત્ર— (૧૬)

આય પારસી દિવાનો—મંચુ કાવારાણો—
છે અક્કલે કાણો—નેક નર—



મંચુ કાવારાણાના ભુખરી દરબારીઓ.

ઉછલતી જવાની—ને સાથે ગુમાની—
નાદાની–બેપ્યાની એક ખર !
આપી ખુદની નારી—તજી ફરઝંદારી—
ને વેચાય છે—ખાંપ્યાને ઘર—
એવા પારસી કહેવાતા—તું જેથી સારા ઘાટા—
પણ છે તું તો—બિલકુલ ખચ્ચર—

(કોરસ)

લેવ જોવ ! ટોપલો નાંખ્યો માથાં પર
શાબાશ ! શાબાશ ! એઇ નેક નર—
પારસીપણાથી તુંજ કીધી તોબાહ !
સુફ્યાણો ત્હારો છે સચ્ચાઇનો રાહ !
લેવ જોવ ! ટોપલો નાંખ્યો માથાં પર !
એઇ લેફટનંટ મંચુ સબર—
એકદમ ત્હારો ફોટો પડાવ ઢીલ વગર—
એઇ ખાનદાની ખચ્ચર !

જીજુ— (૧૭)

લગનના લીલાંઉમાં હોય કોઇ પોરી ઉમેદવાર
તો સઉ સાંભલો સેવકનો છે પનવાનો વિચાર
રાસ દોરડાં કે રંગ રૂપની નહી ભાંજગડ કંઇ લગાર
જો લાવે રીતમાં પોરી રૂપીઆ રોકડ લાખ દશ બાર

(કોરસ)

લુલી લંગડી યા મુગી બેહરી કાણી હુંઠી હોય નાર
ઠીંગણી ઢમ્બુસ ભલે હો લંબુસ નથી તેની કાંઇ દરકાર
પોરી હોય કાલી ગોરી—ચાહે તેવો અવતાર
જાડી પતલી ખુંધી ચેંગી પેંગી–છે બંદો તૈયાર.

સાસુજી હોય બાચકા ભરતી સલગે જેમ અંગાર
સસરાજીબી થયા હોય જો પચીસ વાર નાદાર
સાલોબી હોય જેલનો મેમ્બર ! છટ ! કોણને કનવાર
બસ અહિંતો રીતમાં જોઈએછ રૂપીઆ રોકડા લાખ દશ બાર—કોરસ

મંચુ— (૧૮)

અરે પથર જેવું બૈરૂં મેં તો ખોઇ દીધું રે:—અરે
સપ્પો બન્યો, સપ્પો બન્યો—સપ્પો બન્યો રે:—અરે
વહેમી વીશ્વામીત્રીએ પાત્યાં ગોઠવ્યાં,
વર બૈયરનાં સુખની વચ્ચે આંટી મુકી રે:—અરે

મંચુ— (૧૯)


કેહ રહા હય આસમાન.—રાહ.
આસમાન પોકાર કરે ઓ મંચા આય શું તારો હાલ
નોકર તું ક્રીમેટોરીયમમાં દીન ધરમનો કર કંઇ ખ્યાલ
રાત દહાડો મહેલ તારાપર ફરકતો વાવટો
ત્યાં ઉડે નહી ધોત્યું આજ, અબ વહાં કુચબી નહી
જ્યાં હતાં લેડીઝ જીમખાના ને ગવરનરનો મહેલ
ચોંઇ દરજીની છે દુકાનો અબ વહાં કુચબી નહી
કાજ કરનારીઓ બધી તુંને ઘરીને ઘેરતી
રંડાયલીઓ દુર નાસે છે અબ વહાં કુચબી નહી
જ્યાં હતી મોનજીની દુકાન—તાજમાં શેમપેન ડીનર
વેચાય છે ત્યાં છમણા ધરભ—અબ વહાં કુચબા નહી
નાટક તખતાઓ ધુંજાવતા બાલીવાલા ને ખટાઉ
એમેચ્યુઅરો અકરી મરે છે અબ વહાં કુચબી નહી.

પરીન— (૨૦)

હાય ! ઓ જીજુ ! ઓ જીજુ ! ઓ જીજુ !
થયું શું ? રડું હું શું કરૂં ! બોલ ખરૂં !—૦
આફત ને સીતમનો છે આ પોકાર
કેરાંની છાલે તો મારયા બસ ઠાર
આવ્યો નહી કાલે તો કોઇને વિચાર—
કે આજે હતો મરનાર—૦

NEW MINUTE CAMERA.

Finishes a Picture in 1 Minute.



The latest American Invention. Takes a finished Picture DIRECT on $3\frac{1}{2}'' \times 2\frac{1}{2}.''$ Post-Cards—all in One MINUTE! No Films! No Plates! No Dark Room! No Botheration. Loads 5 to 50 Cards. Universal Focus Lens. New Wire release Shutter, Sharp View Finder. Suitable for Pleasure and Profession Both! No Experience necessary! The Most Popular Pastime—yet a Money-Making Marvel!—Easy coins form easy Customers all around! Complete Camera with 5 Cards. Developer and plain Directions—all ready for Immediate use **Rs. 25/- only. Postage and Packing Extra. All Orders should accompany Rs. 5/- in advance.**

J. J. SHAH & SONS,

P. H. 519, Kalbadevi, Opp. Edward Cinema, Bombay, 2.

જુનું અને જાણીતું

હેપી-હોટેલ.

ઉમરગામ.

B. B. & C. I. Rly.

ફીરોઝ-હોટેલ.

લેહેજતદાર પારસી ખાણું સવાર સાંજ મલશે.

માસીક ભોણાં રૂ. ૩૦ થી ૬૦ સુધીમાં પુરાં પાડીશું.

ધોબીતલાવ-મુંબઈ.

આ ચોપડી મી૦ ધનજીભાઇ ડોસાભાઇ નારીયેલવાલાએ ધી કમરશીયલ પ્રીન્ટીંગ પ્રેસ ૧૧, કાવસજી પટેલ સ્ટ્રીટ, કોટ, મુંબઇ મધે છાપી છે, તથા ડોકટર જેહાંગીર વાડયા (એલ. એમ એન્ડ એસ.) એ સર જે. જે. હોસ્પીટલ, મુંબઇ મધેથી પ્રગટ કીધી છે.